રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિત કલા અકાદમી,
અભિલેખાગાર ભવન, ફાયર બ્રિગેડની બાજુમાં, ચ રોડ, સેકટર – ૧૭, ગાધીનગર દ્વારા અમલી.

**રાજયમાં, રાજય બહાર દેશના મુખ્ય શહેરોમાં તથા વિદેશમાં કલાકૃતિઓનું પ્રદર્શન યોજવા માટે આર્થિક સહાયની યોજના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭.**

ગુજરાત રાજયના પેઇન્ટીંગ, ગ્રાફીકસ, છબીકલા તથા શિલ્પકલાના કલાકારોને તેમની કલાકૃતિઓનું (૧) રાજયમાં પ્રદર્શન યોજવા આર્થિક સહાય માટે આર્ટ ટીચર્સ ડિપ્લોમા, ડિપ્લોમા ઇન ફાઇન આર્ટ્સની શૈક્ષણિક લાયકાત મેળવી હશે અથવા જે કલાકારે તેમની કલાકૃતિઓનું ઓછામાં ઓછુ એક વ્યક્તિગત / સામુહિક પ્રદર્શન યોજેલ હશે તેવા ગુજરાતના કલાકારો આ યોજના માટે પાત્રતા ધરાવશે. અને તેઓને રૂ.૫૦,૦૦૦/-ની મર્યાદામાં સહાયની રકમનું ચુકવણુ કરવામાં આવશે. (૨) રાજય બહાર દેશના મુખ્ય શહેરોમાં તથા (૩) વિદેશમાં પ્રદર્શન યોજવા આર્થિક સહાય માટે કલાકારો કે, જેમણે ૩ થી ૫ વૈયક્તિક પ્રદર્શન અથવા ૫ થી ૮ સામૂહિક પ્રદર્શન યોજેલ હોય તેવા કલાકારોને આ યોજના હેઠળ રાજ્ય બહાર પ્રદર્શન માટે મહત્તમ રૂ.૨,૦૦,૦૦૦/- અને વિદેશમાં પ્રદર્શન યોજવા માટે રૂ.૨,૦૦,૦૦૦/- ઉપરાંત કલાકારોનું ઇકોનોમિક ક્લાસનું હવાઈ મુસાફરી ખર્ચ, "વિઝા ફી" તથા વિમાની રકમનુ ચુકવણું કરવામાં આવશે. અરજીફોર્મ સાથે કલાકારે તેમનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અને આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ તેમજ લાયકાતની નકલ ફરજીયાત રજુ કરવાની રહેશે. આ યોજનાનું તાજેતરનુ સુધારેલ નિયત અરજીપત્રક gujaratstatelalitkalaacademy.org વેબસાઇટ પરથી મેળવી શકાશે. આ અરજીપત્રક ફોર્મમા નિયમો સામેલ છે. જેની નોંધ કલાકારોએ લઇ તે મુજબ સહાયના નિયત કરેલ અરજીપત્રક મુજબ અરજીની ફાઇલ રજુ કરવાની રહેશે. જેમાં વિગતો ભરીને છેલ્લામાં છેલ્લી તારીખ ૧૪/૦૬/૨૦૨૬ સુધીમાં ઉપર્યુક્ત સરનામે મોકલી આપવાની રહેશે. વધુ વિગતો માટે લલિત કલા અકાદમીનો રૂબરૂ અથવા ફોન નંબર ૦૭૯-૨૬૪૨૫૫૬૨ ઉપર સંપર્ક સાધવા વિનંતી છે.

સચિવ
ગુજરાત રાજય લલિત કલા અકાદમી
ગાંધીનગર

સચિવ
લલિત કલા અકાદમી
ગુજરાત રાજ્ય